Extra No. 354

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **SATURDAY, OCTOBER 4, 2025 / ASVINA 12, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા :-

(૧) ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩

(૨) પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાના તારીખ ૨૬/૦૯/૨૦૨૫ના પત્ર નંબર એલ.આઈ.બી./જાહેરનામું/ઔદ્યો./૧૫૯૨/૨૦૨૫.

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની જોગવાઈઓ અન્વયેનું.

નંબર ડી.સી./પીઓએલ/જાહેરનામું/કલમ-૧૬૩/કામદાર/વશી-૮૦૮/૨૦૨૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને ભૂતકાળમાં બનેલ ત્રાસવાદી બનાવોથી જણાયેલ છે કે, ત્રાસવાદીઓ, ગુનેગારો તથા અસામાજિક તત્ત્વો મહત્ત્વના શહેરોમાં આવેલ ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસમાં કામ કરતા મજૂરો, કારીગરો, કર્મચારીઓ તથા ઘર નોકર (ઘર ઘાટી) તરીકે આશરો મેળવતા હોય છે અને આવા ઈસમો શહેરોનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી, ગુનાહિત તેમજ અસામાજિક પ્રવૃત્તિને અંજામ આપતા હોય છે. આ સ્થિતિને નિવારી શકાય તેમજ અંકુશમાં મૂકી શકાય તે સારૂ તેમજ રાષ્ટ્રીય સુરક્ષા અને સલામતિ માટે આતંકવાદીઓ તથા ભયજનક ગુનેગારો વ્યક્તિઓને પકડવા તેમજ તેમને લગતી ફોટા સહિતની અને તેમની હેરફેર અંગે સચોટ માહિતી રાષ્ટ્રીય હિતમાં મેળવવા માટે અને પોલીસ તંત્ર અસરકારક કામગીરી કરી શકે તે માટે જાહેર જનતાનો સહકાર ઉપરોક્ત હેતુસર સાચી દિશામાં મળી રહે તે સારૂ ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસમાં કામ કરતા મજૂરો, કારીગરો, કર્મચારીઓ તથા ઘર નોકર (ઘર ઘાટી)ની તેમના માલિકો/સંચાલકો નીચે આપેલ પત્રક મુજબની વિગતો પોતાની પાસે ફરજિયાતપણે ઉપલબ્ધ રાખે. જેથી, આતંકવાદી/ભાંગફોડનાં તેમજ અન્ય ગુનાઓ બને ત્યારે આવા ઈસમોની ફોટા સાથેની હકીકતનાં આધારે તેવા ઈસમોને ઓળખી શકાય અને તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી શકાય તેમજ આવા ઈસમોને આશ્રય લેતાં અટકાવી શકાય તે માટે સંબંધિત એકમોના માલિકોએ માહિતી રાખવાની રહેશે અને પોલીસ અમલદાર જરૂર જણાયે માહિતી માંગે ત્યારે માહિતી પૂરી પાડવાની રહશે.

ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસમાં તેમજ ઘર નોકર તરીકે કામ કરતા મજૂર, કારીગર, કર્મચારીની વિગત ફોટા સાથે રાખવી

૧.	માલિકનું નામ, સરનામું તથા ફોન અને મોબાઈલ નંબર	
૨.	ઔદ્યોગિક એકમ, ફેક્ટરી, હોટલ, રેસ્ટોરન્ટ, ગોડાઉન, ઓફીસ, ફાર્મ હાઉસ, ઘરનું નામ, સરનામું તથા ટે.નં./ મોબાઈલ નંબર	
૩.	કર્મચારી, કારીગર, મજૂરનું નામ, હાલનું સરનામું તથા ઓળખ ચિન્હો, અભ્યાસ, ટે.નં./મોબાઈલ નંબર	
૪.	હાલમાં કોણ કોણ સાથે રહે છે ?	
૫.	રહેઠાણ કંપનીએ ફાળવેલ છે કે ભાડે રહે છે ?	
૬.	જો ભાડે રહેતા હોય તો પોલીસને જાણ કરેલ છે ?	
૭.	કર્મચારી, કારીગર, મજૂરનું વતનનું સરનામું, જિલ્લો, ગામ, પોલીસ સ્ટેશન તથા ટે.નં./મોબાઈલ નંબર	
૮.	કર્મચારી, કારીગર, મજૂરીની નાગરિકત્વની વિગત	
૯.	કર્મચારી, કારીગર, મજૂરને નોકરીએ રાખ્યા તારીખ	
૧૦.	કર્મચારી, કારીગર, મજૂર અગાઉ જે જગ્યાએ કામ કરતા હોય તે માલિકનુ પુરૂ નામ, સરનામું તથા ટેલિફોનને મોબાઈલ નંબર	
૧૧.	કર્મચારી, કારીગર, મજૂરના કોના પરિચયથી નોકરીએ રાખેલ છે. તેનુ પૂરૂ નામ, સરનામું, તથા ટેલિફોન નં.મોબાઈલ નંબર	
૧૨.	કર્મચારી, કારીગર, મજૂરના બે ત્રણ સગા સબંધીઓના પુરા નામ, સરનામાં વતન સંહિતાના ટેલિફોન	
૧૩.	નામ સરનામા બાબતે ખાતરી કરેલ છે. જો ખાતરી કરેલ હોય તો કોણે કઈ રીતે કરેલ છે?	

આ જાહેરનામું તા. ૦૫/૧૦/૨૦૨૫ થી તા.૦૩/૧૨/૨૦૨૫ સુધી (બંને દિવસો સહિત) કુલ-૬૦ દિવસ માટે અમલમાં રહેશે.

આ હુકમ અન્વયે અરવલ્લી જિલ્લામાં ફરજ બજાવતા ક્ષેત્રાધિકાર ધરાવતા હેડ કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના સક્ષમ સત્તા અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સહિતાની કલમ - ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે. તમામને વ્યક્તિગત રીતે હુકમની બજવણી કરવી / કરાવવી શક્ય ન હોઈ આથી એક તરફી ફરમાવવામાં આવે છે.

આજ તારીખ ૩-૧૦-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરવામાં આવ્યો.

ડી. વી. મકવાણા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
અરવલ્લી-મોડાસા.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 17:38:18 IST